ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૯-૨૦૧૩, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

કેનિયા કાંડનો ક્રૂર મેસેજ

કેનિયાના નૈરોબી શહેરમાં વેપારધંધા ક્ષેત્રે ગુજરાતીઓનો ખાસ્સો દબદબો છે. નૈરોબીના ભવ્યાતિભવ્ય મૉલ તરીકે ઓળખાતા 'વેસ્ટ ગેટ મોલ'માં ગુજરાતીઓની ભાગાદારી પણ છે. કુખ્યાત 'અલકાયદા'ની જ નકલ જેવું અલ-શબાબ આતંકવાદી જૂથ સોમાલિયામાં કેન્યા શાસન દ્વારા આતંકી પ્રવૃત્તિઓ રોકવાના પ્રયાસોની ખફા હતું. તેણે કેનિયાના વેપારી નગરના ઘરાકોથી ધમધમતા મોલ પર આત્મઘાતી હુમલો કરી વેરની વસૂલાત કરવાની કોશિશ કરી છે. આતંકી હુમલો મુંબઈના આતંકી હુમલા જેવી જ મોડસ ઑપરેન્ડી ધરાવે છે. પરંતુ અલ-શબાબનું સુકાન સંભાળી રહેલી મહિલા આતંકવાદીની વિગતો બહાર આવતાં ઈસ્લામી આતંકવાદની જાળ ફક્ત પાકિસ્તાન કે અફઘાનિસ્તાનની જ ભૂમિમાં સીમિત નહીં રહેતાં લંડન જેવાં શહેરોમાં ઊછરેલી ગોરી પ્રજા સુધી ફેલાઈ છે તેની પ્રતીતિ થયા વિના રહેતી નથી. નૈરોબી શહેર આપણા ગુજરાતીઓથી ઊભરાતું હોઈ આ મૉલ પર થયેલા હુમલામાં નવ જેટલાં ગુજરાતીઓ શહીદ થયા છે. આતંકવાદીઓએ મૉલમાં ઘૂસી જઈ ત્યાં હાજર હજારેક માણસોને નિશાન બનાવ્યા હતા, એમનો ધર્મ પૂછી પૂછીને જો એ મુસલમાનો ન હોવાની ખાતરી થાય તો એને ક્રૂર રીતે રહેંસી નાખવાની 'જેહાદી' પદ્ધતિ અખત્યાર કરી હતી. એના આ ઑપરેશનમાં મરનારાઓની સંખ્યા સિત્તેર પર પહોંચી ગઈ છે, જેમાં ભારતીયો ઉપરાંત કેન્યા, બ્રિટન, ફ્રાંસ, દક્ષિણ આફ્રિકા, કેનેડા, ઘાના, નેધરલેન્ડ અને ચીન ઉપરાંત અમેરિકન નાગરિકોનો સમાવેશ થાય છે. ટૂંકમાં અલશબાબની દસ્યુ-સુંદરીએ ગણતરીપૂર્વક કરેલો આ જેહાદી હુમલો છે, જેમાં નાના બાળકો કે સગર્ભા સ્ત્રીઓને પણ નિર્દયતાપૂર્વક ઠાર મારવામાં આવેલ છે. 'વ્હાઈટ વિડો' તરીકે ઓળખાતી ૨૯ વર્ષીય આતંકવાદી મહિલા સામંથાના પતિએ ૨૦૦૫માં લંડનમાં આત્મઘાતી હુમલો કરીને ધાક બેસાડી હતી. કેન્યામાં આ મહિલા વોન્ટેડના લિસ્ટમાં હતી જ. ટૂંકમાં ઈસ્લામી આતંકવાદે હવે બુરખો પણ પહેલી લીધો છે. અલ શબાબના આતંકવાદીઓની સંખ્યા પણ મુંબઈ હુમલાના આતંકવાદીઓની જેમ દસ જ હતી. બધા માથે કફન બાંધીને જ આવ્યા હતા. કાચી વયના આતંકવાદીઓને જેહાદ પછી જન્નત મળશે એવાં પ્રલોભનો આપીને તૈયાર કરાય છે. એમની દુન્યવી જિંદગી કરતાં 'જન્નત'ની લોભામણી ઑફર વધુ આકર્ષે છે. આ એક વિશ્વવ્યાપી સમસ્યા છે. ઓસામા બિન લાદેનનો ખાત્મો કરી દેવાથી આ સમસ્યાનો અંત નથી આવ્યો તેની અમેરિકાને પણ આવી ઘટનાઓ બનતી રહે છે તેની ખાતરી થઈ જ હોય. પરંતુ આવા વિકૃત ધાર્મિક આતંકવાદ પર હજુ સુધી કાબૂ મેળવવવામાં દુનિયાનાં તમામ રાષ્ટ્રો નિષ્ફળ જ રહ્યાં છે. નૈરોબીમાં ગુજરાતીઓનો ભોગ લેવાતાં આપણને વિદેશમાં રહેતા આપણા સ્વજનોની સલામતી વિશે ચિંતા થાય તે સ્વાભાવિક છે. ગુજરાતીઓ દુનિયાભરમાં પથરાયેલા છે. દક્ષિણ આફ્રિકામાં કયારેક કારા-ગોળાનાં રંગભેદની નીતિનો ભોગ ખુદ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી બન્યા હતા. પરંતુ એમાં જાતિ-દ્વેષ હોવા છતાં ધર્મસંપ્રદાયને લગતું ઝેર નહોતું ભળ્યું. ગાંધીજીને વકીલ તરીકે દક્ષિણ આફ્રિકા લઈ જનારા મુસ્લિમ ખોજા વેપારી જ હતા. તે વખતે જે લડાઈ હતી તે હિંદીઓ અને ગોરાઓ વચ્ચેની હતી. દક્ષિણ આફ્રિકાથી પાછા આવ્યા ત્યારે ગાંધીજી ઈમામ બાવાને પોતાના સહોદર ગણી સાથે લઈ આવેલા અને સાબરમતી આશ્રમમાં એમના માટે 'ઈમામ મંઝિલ' નામે મકાન બનાવી આપી જબરદસ્ત કોમી એકલાસનો દાખલો બેસાડ્યો હતો. ગાંધીજીના જ સત્યાગ્રહમાંથી પ્રેરણા લઈ હસબી નેતા નેલ્સન મંડેલાએ રંગભેદની વિરૂદ્ધ ઝુંબેશ ઉપાડતાં દક્ષિણ આફ્રિકા પર એના મૂળ નિવાસીઓનું શાસન સ્થપાયું. આ ઘટનાના દૂરોગામી પડઘા લેખે અમેરિકા જેવી સૌથી શક્તિશાળી લોકશાહીને બરાક હુસેન ઓબામા જેવા અડધો મુસલમાન, કાળો પ્રમુખ પ્રાપ્ત થયો હતો. આવી બધી સકારાત્મક ઘટનાઓની સમાંતરે વિશ્વમાં ઈસ્લામી આતંકવાદનું વિષવૃક્ષ ફાલ્યું ફૂલ્યું, એનો ભોગ ભારત સહિત વિશ્વનાં અનેક રાષ્ટ્રો બની રહ્યાં છે. કેનિયાની આ ઘટના અનેક સૂચિતાર્થો ધરાવે છે. ઈસ્લામી આતંકવાદ ગમે ત્યારે, ગમે તે સ્થળે બાબતા ભૂતની જેમ ત્રાટકે છે. એનું એક માત્ર ધ્યેય દુનિયા પર 'ધાક' બેસાડવાનું છે. ઈસ્લામમાં આવા આતંકવાદને કોઈ સ્થાન ન હોઈ શકે પરંતુ સ્વાર્થી કટ્ટરપંથીઓ ધર્માજ્ઞાનું મન ફાવે તેવું સાનૂકૂળ અર્થઘટન કરવામાં માહેર છે. કરૂણતા એ છે કે એમને ઈસ્લામનો સાચો અમન, શાંતિ કોમી એખલાસ અને ભાઈચારાનો માર્ગ બતાવનાર ખુદાનો બંદો હજી જન્મવાનો બાકી છે!



પ્રેરણા વિદ્યાલય ફેન્સીગમાં રાષ્ટ્રીય કક્ષાએ ઝળહળી

રાજયકક્ષાની અન્ડર ફોર્ટીન ફેન્સીગ સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયની ફેન્સીગ ટીમે સુંદર દેખાવ કરી સફલતા મેળવી છે. ઈ.પી. અન્ડર-૧૪ માં પ્રથમ નંબરે પટણી સચીન, રાવલ મયંક અને નાણાવટી ઈષિત આવ્યા છે. અન્ડર-૧૪ સેબર ટીમમાં પંડ્યા હિમાંશુ અને ઠાકોર વિક્રમ તથા ઠાકોર સાગરે વિજય પ્રાપ્ત કર્યો છે. આ વિદ્યાર્થીઓ નેશનલ કક્ષાની ટુર્નામેન્ટમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. વિજેતાઓને અભિનંદન શાળા પરિવારે પાઠવ્યા હતા.

વરસાદના જ સમાચાર વાંચવા છે ને !! પેપર જોઈને જ કહી દઉં દોઢ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે લો...!!

ગાંધીનગરની શાળાઓ પરીક્ષાલક્ષી કામગીરીથી ધમધમી ઉઠી

વિદ્યાર્થીઓ વાંચન-લેખનમાં મશગુલ બન્યા : નવરાત્રી પહેલા અને પછીની પરીક્ષા થકી હાશકારો

ગાંધીનગર, તા.૨૪

રાજયભરમાં સપ્ટેમ્બર અને ઓકટોબર માસ દરમિયાન શાળાકીય અને બોર્ડ દ્વારા પરીક્ષાઓ યોજાતી હોય છે. જેમાં ગાંધીનગર શહેર પરીક્ષા બાબતે વધુ કાર્યરત હોય તેમ તમામ શાળાઓમાં પરીક્ષા લક્ષી કામગીરીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે તો બીજી તરફ વિદ્યાર્થીઓ પણ વાંચન-લેખનમાં મશગુલ બની પરીક્ષાની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે. શિક્ષણ ક્ષેત્રે હબ બનવા તરફ આગેકુચ કરી રહેલા પાટનગરમાં શિક્ષણ બાબતે વધુ સજાગતા હોય છે જે પરીક્ષાઓના પ્રારંભથી જ દેખાઈ રહ્યું છે.

રાજયના પાટનગરમાં ધો-૧થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓની સપ્ટેમ્બર-ઓકટોબર માસ દરમિયાન યોજાતી પરીક્ષાનો પ્રારંભ થઈ ચુકયો છે. દરેક શાળાઓમાં આ અંગેની ભારે ચહલપહલ પરીક્ષાના એંધાણ આપે છે. સપ્ટેમ્બર સુધીના પાઠય પુસ્તકના કોર્ષ પુર્ણ થયા બાદ યોજાતી આ પરીક્ષા પ્રથમ સેમેસ્ટર તરીકે ગણાઈ રહી છે.

ધોરણ-૫ થી ધોરણ-૯માં હાલ પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા ૨૪મી સપ્ટેમ્બરથી શરુ થઈ ગઈ છે જયારે ધોરણ-૧૦ની મીડ ટર્મ પરીક્ષાનો પણ પ્રારંભ થઈ ગયો છે. આ તમામ ધોરણની પરીક્ષા નવરાત્રીની શરૂઆત થતાં જ પૂર્ણ થઈ જાય છે. જયારે ધોરણ-૧૧માં પ્રથમ સેમેસ્ટર અને ધોરણ-૧૨માં ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા નવરાત્રી પૂર્ણ થયાના લગભગ દસ દિવસ પછી શરુ થનાર છે. જેમાં ધો-૧૧ અને ૧૨ની પરીક્ષા માધ્યમિક બોર્ડ દ્વારા યોજાનાર છે.

જો કે પરીક્ષાનું આયોજન ચાલુ વર્ષે નવરાત્રી પહેલા પૂર્ણ થનારું અને નવરાત્રી પૂર્ણ થયા બાદ શરુ થનારું થયું હોવાથી વાલીઓ અને વિદ્યાર્થીઓ તનાવ મુકત બની પરીક્ષા આપી ગુજરાતના પ્રિય તહેવાર નવરાત્રિને આનંદપૂર્વક માણી શકશે.

ગાંધીનગર ખાતે સ્ટેટ લેવલ રૂરલ આઈ.ટી. ક્વિઝ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

રાજય સ્તરની નેશનલ રૂરલ આઈટી ક્વીઝનું ગ્રામ્ય વિસ્તારના બાળકોને ન્ત્યાહિત કરવા અને ઈન્ફર્મેશન ટેકનોલોજી વિશે જાગૃત કરવાના ઉમદા આશયથી આયોજન કરવામાં આવે છે. આજરોજ ગાંધીનગરના આંગણે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા રાજય સ્તરની ગ્રામ્ય આઈટી ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જૂનાગઢની આદિત્ય બિરલા હાઈસ્કુલની ટીમ વિજેતા બની હતી.

આ ક્વીઝનો મુખ્ય હેતુ ઈન્ફર્મેશન ટેકનોલોજીના વિવિધ ક્ષેત્રમાં ઉપયોગ અંગેનો છે. જેમાં પર્યાવરણ ટેકનોલોજી, ઘંઘો અને એના લોકો, નવી પધ્ધતિઓ, ઈન્ટરનેટ જગત, અવનવી વેબસાઈટો, આઈટી મૂલમંત્ર અને ચિતાશરો, પઝલ્સ, આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વ, સોફ્ટવેર ન્ડકટસ, કંપની અને તેની બ્રાન્ડનો સમાવેશ થાય છે. આઈટીના ઈતિહાસ અને એની રમુજી બાબતો કે જેણે એને અસરકારક બનાવી છે. એમાં શિક્ષણ, આનંદ, પુસ્તકો, મલ્ટીમીડીયા, સંગીત, ચિત્રપટો, ઈન્ટરનેટ, બેન્કીંગ, જાહેરાત, રમત-ગમત, સામાજીક માળખું, મોબાઈલ વગેરેનો સમાવેશ થાય છે.

આજે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે યોજાયેલ રાજય સ્તરની ગ્રામ્ય આઈટી ક્વીઝ સ્પર્ધામાં રાજયના ૨૬ જિલ્લામાંથી ધોરણ- ૮ થી ૧૨માં અભ્યાસ કરતા ૭૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમજ ગ્રામ્ય વિસ્તારની શાળાઓના લગભગ ૨૦૦ શિક્ષકો પણ આ સ્પર્ધામાં જોડાયા હતા.

ગ્રામ્ય કક્ષાની ક્વીઝ સ્પર્ધામાં સૌ -થમ વિદ્યાર્થીઓની -થમિક લેખિત કસોટી કરવામાં આવી હતી. જેમાં -થમ ૬ ટીમો વચ્ચે રાજય કક્ષાની ફાઈનલ ક્વીઝ સ્પર્ધા શરૂ થઈ હતી. એકબાદ એક અઘરા નૈના ઉત્તર ખૂબ જ ઝડપી આપીને જૂનાગઢની આદિત્ય બિરલા હાઈસ્કુલના જીસો કુરીયન અને શૈલેન્દ્ર સિંઘની ટીમ વિજેતા બની હતી. રનર્સ અપ ભાવનગરની એસ.એમ. જે.સી.કે. આર હાયર સેકન્ડરી સ્કુલના સોનક ગાલા અને પૂજન સાવલાની ટીમ રહી હતી. આ ક્વીઝ સ્પર્ધામાં વિજેતા ટીમને રૂપિયા ૧૦ હજાર અને વિજેતા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. તેમજ રનર્સ અપ ટીમને રૂપિયા ૭ હજાર આપવામાં આવ્યા હતા. ફાઈનલમાં આવનાર તમામ ૬ ટીમોને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સર્ટીફીકેટ, ઓડીયન્સ -નઈઝ અને આઈટી ક્વીઝ બુક આપવામાં આવી હતી.

-થમ ક્રમે વિજેતા થનાર ટીમ તા. ૮મી ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ બેંગ્લોર ખાતે યોજાનાર રાષ્ટ્રીય સ્તરની રૂરલ આઈટી ક્વીઝની ફાઈનલમાં ભાગ લેવા જશે. આ રાષ્ટ્રીય સ્તરની ફાઈનલ સ્પર્ધામાં મધ્ય-દેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, ઝારખંડ, રાજસ્થાન અને કર્ણાટક રાજય કક્ષાએ વિજેતા ટીમ પણ આવશે. રાષ્ટ્રીય સ્તરની ફાઈનલમાં -થમ નંબર વિજેતા થનાર ટીમને રૂપિયા ૧ લાખ અને દ્વિતીય નંબરે વિજેતા થનાર ટીમને રૂપિયા ૫૦ હજારના રોકડ પૂરસ્કાર આપવામાં આવશે. ક્વીઝ માસ્ટર તરીકે બેંગ્લોરના ગીરીબાલા સુબ્રમણ્યમે સેવા આપી હતી.

એમ.બી.પટેલ સ્કૂલમાં 'ઓઝોન ડે' ઉજવાયો

એમ.બી.પટેલ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલમાં ઓઝોન ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ચર્ચા સ્પર્ધામાં પંડ્યા મેઘના અને પંડ્યા પ્રાચી પ્રથમ અને દ્વિતીય ક્રમે પસંદગી પામ્યા હતા. જયારે પોસ્ટર મેકિંગ સ્પર્ધઆમાં મોદી કુશએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સર્વ વિદ્યાર્થીઓને રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. આચાર્ય અર્પિત ક્રિશ્ચયને તથા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

જી. આઈ. પી. એસ. સ્કુલના વિદ્યાર્થીની રાજય કક્ષાએ પસંદગી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લા રમત ગમત દ્વારા અન્ડર-૧૬ (પાયકા) ફુટબોલનું આયોજન ઓમ લેન્ડમાર્ક હાઈસ્કુલ ચિલોડા મોટા ખાતે યોજાઈ ગયો. જેમાં જી.આઈ.પી.એસ. સ્કુલના ત્રણ વિદ્યાર્થીઓની નેશનલ સ્પર્ધામાં પસંદગી થવા પામી છે.

સ્પર્ધામાં જિલ્લાની મોટા ભાગની સ્કુલોએ ભાગ લીધો હતો તેમજ ભરૂચ ખાતે યોજાયેલ અન્ડર-૧૬ ફૂટબોલ સ્પર્ધા રાજય કક્ષાએ બે દિવસ યોજાયો હતો. જેમાં જી.આઈ.પી.એસ. સ્કુલના રોનક ચૌધરીએ ઉત્કૃષ્ઠ દેખાવ કરતા નેશનલ સ્પર્ધામાં પસંદગી થવાથી શાળાના આચાર્ય અને શાળા શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા છે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા સાંસ્કૃતિક મહોત્સવ 'ક્ષિતિજ-૨૦૧૩' ગાંધીનગર ઝોનમાં પ્રથમ ક્રમે આવીને ગાંધીનગરનું ગૌરવ વધારેલ છે. કૉલેજના આચાર્યશ્રી આર.કે. ગજજર, ફેકલ્ટી પ્રતિનિધિ પ્રો. એમ.બી. ચૌધરી, પ્રો. એન.ડી. પટેલ દ્વારા યોગ્ય માર્ગદર્શન અને પ્રેરણા મેળવેલ છે. વિદ્યાર્થી પ્રતિનિધિ વિરાજ વ્યાસ અને ટીમ દ્વારા અખંડ એકતા અને અથાક પરિશ્રમ એ ઉત્કૃષ્ટ સફળતામાં સિંહફાળો આપ્યો છે.

લોકસંગીતની લહેર... સુખદુ:ખના વલોણામાંથી નીકળેલા લોકગીતો...!!

ઉઘડતે પડદે
સંજય થોરાત

લોકોની વાતો અને સમાજમાં રંગો ભરતું, દરેકને સાંભળવું કે માણવું ગમે અને ઘરનાં જમણવાર જેવો સ્વાદ અપાવે એવાં લોકો-સાહિત્યમાં સંગીત, નૃત્ય, નાટ્ય, વસ્ત્રાભૂષણ, ભવાઈ, મેળો, લગ્ન જેવી લાગણી આસપાસ અને સ્પર્શતી વાતો વણાયેલી હોય છે. એમાંય સૌરાષ્ટ્રના ચારણ કે ગઢવી સમાજ કે જેને જીભે સરસ્વતી વાસ કરે છે, એ લોકવાત્યું લઈને ડાયરો માંડે એટલે રાત ક્યારે ઢળે અને પહાટનો પ્હો ક્યારે ફાટે ખ્યાલેય નો આવે... શિવરંજનીના રસોત્સવમાં લોકસંગીત-લોકવાત્યુંની રમઝટનો એવો જ લોકોને સ્પર્શતો કાર્યક્રમ નવપલ્લવિત દશાબ્દી વર્ષમાં વધામણારૂપે ગાજી ઉઠ્યો...

ભાદરવામાં મધ્યમાં દઝાડતાં તાપની જગ્યએ જયારે અષાડના મેઘ આવીને વરસાદની હેલી કરતાં હોય અને માતાની વંદના કરીને 'આનંદ મારા હૈયામાં આનંદ, આજે છમછમ વરસ્યા મેઘ'ની જેમ જ અભેસિંહ રાઠોડ એમનાં અસ્સલ ઘેઘુર અવાજમાં દુહાનું મહત્ત્વ સમજાવી દુહો લલકારે 'રણશીંગા વાગે, મરદ કસુંબલ રંગ ધરે' એટલે રૂંવાડાં ઉભા થઈ જાય...

લોકસાહિત્યને હૃદયમાં ધરબીને બેઠેલાં અને શિવરંજનીની સ્મરણિકામાં લોકસંગીતને સહજતાના સૂર કીધા છે એવા વસંત ગઢવી અને ભરત કવિની નોંધ લઈ અભેસિંહ લોકવાત્યુંની તરબોળ કરતી વાતોને સંગે સંગીતનો રસાસ્વાદ કરાવતાં જાય... જેના દેવ દૂંદાળા એની રાતો રઢિયાળી અને દિવસે સારા કામો કર્યાં હોય તો રાતે હાથમાં ઓશિકે ઊંઘ આવી જાય... માંડ પાંચ ચોપડી ભણેલા કવિદાદની કવિતા 'પ્રિતની ઘેલી હાય બિચારી, સૂરજ પાછળ રાત પડી ગઈ' ની રજૂઆત લોકોની દાદ મેળવી ગઈ. દૂલાભાયા કાગની રચના 'મનની જેનાં મનડા મળે, પછી એનું મોજું મેરામણ જાય, હાલો માનવીયુંને મેળે' આમંત્રણ પત્રિકાના ટાઈટલ ગીતની રજૂઆત રંગ ભરી ગઈ.

'સ્વામી વિવેકાનંદની શિકાગો ધર્મ પરિષદ બાદ એક અંગ્રેજ યુવતીએ સ્વામી સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો અને કહ્યું કે અમારાં દેશમાં તમારાં જેવા સંતાનો પેદા કરવાં છે, ત્યારે સ્વામીએ એનાં પગે લાગીને કહ્યું કે આજથી તું મારી મા અને હું તારૂં સંતાન એટલે તારી ઈચ્છા પુરી' જેવી લોકસાહિત્યની વાતોથી શ્રોતાઓ રસમધુર બન્યા... મીના પટેલ એટલે લોકસંગીતમા આગવો કંઠ અને એમણે ત્રણ ગીતોનો ગુલદસ્તો રજૂ કર્યો. 'હે મને ઢોલે રમવા મેલ ભરવાડીયા, ઝાલાવાડી ઢોલ, માણીગર ઢોલ જાણે ઝાંઝર વાગે...' 'મારે ટોડલે બેઠો રે મોર કાં બોલે...' 'કોઈ કહેજો કાનુડાને જઈ કે વાંહળી વગાડે નંઈ, રોજ રોજ નવા નવા નખરાં કરે, ચિર કાઢી સરવરમાં નહાવા પડે' આ ગીતોમાં તબલચીએ રંગ રાખેલો. 'દે દે શહનાઈ ઢોલ, નટવર નાચે, શંકર મહારાજ આજ તાંડવ નાચે' આ રચનામાં તબચલીએ નરઘા પર ડમરૂની ડણક વગાડી તાંડવ નૃત્ય દૃશ્યમાન કરાવ્યું...

લોકસંગીતમાં ઢોલ, તબલાં, બંસી, શરણાઈ, પાવો, મંજીરા, રાવણહથ્થો, એકતારો, પખવાજ, ઝાંઝ, જાળ, વાયોલીન, ડફલી, મૃદંગ જેવા સરળતાંથી વગાડાતા વાદ્યોનો ઉપયોગ થાય છે અને એ યાંત્રિક વાદ્યો કરતાં વધુ મધુરાં પણ લાગે છે. એવાં આ વાદ્યોનાં તાલ પર લોકડાયરો જામે અને એમાં કૃષ્ણની વાતો થાય. ગોપીઓનાં માખણ ચોરી ખાતાં કાનુડા માટે માતા યશોદા પ્રથમવાર જાતે વલોણું કરી માણખ બનાવ્યું અને કાનુડાએ ખાતાં થયેલી એંઠી છાશ પીવા દેવીઓ દ્વારે આવી અને એનું ગીત 'ઉભીતી અજાણી નારી લક્ષ્મી લોભાણી હે માં આજ ભરવાં દે તારાં પાણી, માડી તારાં કેટલા જનમની આવી રે કમાણી' અને એ પછી ઝવેરચંદ મેઘાણીની છેક આમ આદમીનાં પાત્રને ઝીલતું ગીત 'હે છૂંદાવો રૂંડાં છૂંદણા, લીલુંડા, લીલુંડા તોફાનો છૂંદણાજી' એમ જ લાગે કે ક્યાંક ગામનાં ગોંદરે ઢોલીયો ઢાળીને લોકજીવનમાં પરોવાઈ ગયાં હોઈએ...

વઢવાણનાં વાઘેલા રાજવી વાત સાથે 'બાર બાર વરસે નવાણ કરાવ્યાં, નવાણે તીર તેડી આવ્યાં જીરે' જાણતલ જોષીડો એમ કરી બોલ્યો, ટીકરોને વહુ તેડાવો, પહેલે પગથીયે પગ રે જયાં દીધો, પાનીએ પાણી આવ્યા... આખીયે રચના અત્યંત ચોટદારી રહી.

લોકવાતોની સાથે હાસ્યરસ માટે આવેલાં નટુભાઈ પટેલ રોજબરોજની વાતોમાંથી અને લોકસાહિત્યની રસાળ વાતોથી છવાઈ ગયા. સગાઈ થાય એટલે મોબાઈલ અપાવે તોય પેલી મિલ કૉલ માટે, પછી તાળીઓ માટે કીધેલું જોડાકણું, હથેલીમાં વાળ નહીં, ગધેડાને ગાળ નહીં, ઘરજમાઈને માન નહીં, કેળાને પાન નહીં, કુંવારાને સાળોને નહીં અને તાળી પાડો તો વાંધો નહીં, મોજ કરાવી ગયા... 'ગ' શબ્દની ગમ્મતે ગેલમાં લાવ્યાં, ગણપતી, ગુજરાત, ગાંધીનગર, ગાંધીજી, ગોળ, ગાંડીવ, ગાંડો... 'ગ' પ્રથમ નંબર આવે... ત્રણ અક્ષરોની કમાલમાં પણ રંગ રાખ્યો. માતા ત્રણ, બ્રહ્મા-વિષ્ણુ-મહેશ ભગવાન ત્રણ, આકાશ-પાતાળ-પૃથ્વી, બાળપણ-જમાવી-બુઢાયો, શિયાળો-ઉનાળો-ચોમાસું, જર-જમીન-જોરું, ભૂતકાળ-ભવિષ્યકાળ વર્તમાનકાળ, અંગ્રેજી-ગણિત-વિજ્ઞાન, દવા ત્રણ ટાઈમ, એટેક ત્રણ એકધારા અટકયા વગરની એક-બે-ત્રણની વાતોમાં ત્રણ તાલી પડી ગઈ... ધંધા પ્રમાણેની વ્યાખ્યા, ભાષા અને પ્રકૃતિ, દરેક માટીનાં સૂર નોંખા જેવા વિષયો પરની હળવી વાણી અને રામાયણની બે જ ભૂલ'ની વાત તો બહેનો 'શક્તિ' અને પુરૂષો સહનશક્તિ, યથાશક્તિ અને અશક્તિ જેવી વાતોનો ગમ્મત ગુલાલ સતત સૌને હસાવતો રહ્યો...

રવીન્દ્રનાથ ટાગોરનું મૂળ બંગાળી ગીતનાં ભાવાનુવાદનું ઝવેરચંદ મેઘાણીનું ગીત 'મોર બની થનગનાટ કરે, મન મોર બની' ના ગીતમાં વાયોલીન પર પાડેલાં મોરનાં ટહૂકા રોમાંચિત કરતાં હતા. અત્યારે તો વર્તમાનપત્રો સંદેશ ફેલાવે છે પણ પહેલાં ગીત સંદેશો લઈને સમાજમાં ફરતું અને લોક ગીત બનતું, 'દાદા હો દીકરી' ના ગીતની રજૂઆત સમાજનું ચિત્ર રજૂ કરતું બન્યું. પહેલાં સાસુનો ત્રાસ એવો રહે તો એ વાતે ઓશિકું જો પિયરની દિશામાં હોય તો પિયરનાં સપના આવે, એવી વાત કરી અને મહેંદીનો રંગ દીકરીના સુખ-દુઃખની ચાડી ખાતો. 'વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં હોજી' કરૂણરસથી છલોછલ કૃતિઓ લોકસંગીતનો અસ્સલ મિજાજ પરખાવ્યો.

લોકસંગીતનાં એક બાદ એક 'મહેંદી લેશું, મહેંદી લેશું મહેંદી મોટાં ઝાડ...' પરણ્યો રોજ લાવે છે રોજ પાવલી રે લોલ, હું તો લાવું રૂપિયો, હવે નહીં જાણું વીર વાઢવાને લોલ... 'હો મારૂં વનરાવન તે રૂંડુ કે વૈકુંઠ નહીં રે આવું....' હાં હાં રે ગોકુલની ગોવાલણી જોબનીયું છલકાતી જાય...' અને અભેસિંહનું ઑલ ટાઈમ ફેવરીટ 'હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ' અંબર ગાજે મેઘાંડબ ગાજે, અષાઢી સાંજનાં અંબર ગાજે... સૂર-તાલ-શબ્દની સંગત સાથે લોકસંગીતની રમઝટ અને લોકવાત્યુંની સહજવાણીનો કાર્યક્રમ માણવા જેવો રહ્યો... ટીમ શિવરંજનીને લોકહૃદયની શુભેચ્છા...

શિવરંજનીના રસોત્સવમાં, 'હાલો માનવીયુંને મેળે'માં હાલરડાં, જોડકણાં, પ્રભાતિયાં, મરશિયાં, રાસડાં, ગરબા, ભજન, લગ્નગીતો, લોકહાસ્ય જેવા લોકસંગીતનાં રંગોને અભેસિંહ રાઠોડે એમનાં ચારણી લહેલદાર અવાજ-અંદાઝ સાથે સાથે લોકવાત્યુંનાં ડાયરામાં લોકજીવનનાં રંગો ભર્યો